સંગ્રામ ગુજરાતનો

વડાપ્રધાન મોદીએ સોમનાથમાં સભા સંબોધી કર્યો પ્રચારનો પ્રારંભ

નરેન્દ્રના તમામ રેકોર્ડ ભુપેન્દ્ર તોડશે : મોદી

મોદીએ સોમનાથ મંદિરમાં પૂજા અર્ચના કરી : સુશાસનને કારણે ગુજરાત નવી ઊંચાઈએ પહોંચ્યું છે : હું બધા જ કામનો તમને હિસાબ આપીશ : મોદી

સોમનાથ, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ગુજરાત પ્રવાસના બીજા દિવસે સોમનાથ મંદિરમાં પૂજા-અર્ચના કરી પ્રચારનો પ્રારંભ કર્યો છે. વડાપ્રધાન મોદીએ સોમનાથ મંદિરમાં જળાભિષેક કરીને પૂજા અર્ચના કરી હતી. તે પહેલા તેમણે સોમનાથ મંદિરના પરિસરમાં ઉભેલા પ્રવાસીઓનું હાથ હલાવીને અભિવાદન કર્યું હતું તો લોકોએ પણ પ્રધાનમંત્રી મોદીને હૂંફાળો આવકાર આપ્યો હતો. સોમનાથ પરિસરમાં ઉભેલા યાત્રાળુઓએ વડાપ્રધાનને જોઈને મોદી મોદીના નારા પણ લગાવ્યા હતા. જે પછી સોમનાથમાં વડાપ્રધાને સભા સંબોધી હતી. જેમાં તેમણે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં નરેન્દ્રના તમામ રેકોર્ડ ભુપેન્દ્ર તોડે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ કે હું બધા જ કામનો તમને હિસાબ આપીશ. વડાપ્રધાન મોદીએ સોમનાથ દાદાની પૂજા અર્ચના કર્યા બાદ જાહેર સભાને સંબોધનની શરૂઆત કરી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે, ચૂંટણી લોકશાહીનો ઉત્સવ છે, તેથી મતદાન જરૂરથી કરજો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ વખતે રેકોર્ડ તોડવાના છે. તેમણે કહ્યું વિધાનસભા તો જીતીશુ, પરંતુ પોલિંગ બૂથ પણ બધા જીતવાના છે. વધુમાં વધુ મતદાન અને વધુમાં વધુ પોલિંગ બુથ જીતવાનો લક્ષ્યાંક છે. આ ચૂંટણીમાં ભાજપની જીત નક્કી છે તેવુ બધા જ કહે છે. આ વખતે નરેન્દ્રના બધા રેકોર્ડ ભૂપેન્દ્ર તોડશે અને એના માટે નરેન્દ્ર કામ કરશે. વધુમાં તેમણે કહ્યું કે અગાઉ ગુજરાતના વિકાસ પર શંકા રાખવામાં આવતી હતી, આજે ગુજરાત નવા ઉંચાઈના શિખર સર કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ ગુજરાતના વિકાસ માટે સખત મહેનત કરશે. સર્વે પોલ કહી રહ્યા છે કે ભાજપ જીતશે. ગુજરાતની જનતાએ હંમેશા ભાજપને આશીર્વાદ આપ્યા છે. આ વખતે પણ જનતા આશીર્વાદ આપશે. પીએમ મોદીએ કહ્યું કે સૌરાષ્ટ્રમાં આ તેમની પ્રથમ ચૂંટણી રેલી છે અને તે પણ સોમનાથ દાદાની પવિત્ર ભૂમિ પર. કચ્છનું રણ અમારા માટે સમસ્યારૂપ લાગતું હતું. અમે કચ્છના આ રણને 'ગુજરાતના તોરણ'માં બદલી નાખ્યું. તો વધુમાં વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, યુવાનોને પહેલાની મુશ્કેલીઓનો ખ્યાલ નહીં હોય. પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ પણ નહોતી મળતી. આજે સૌની યોજના દ્વારા છેવાડાના ગામડા સુધી પાણી પહોંચ્યુ છે. પહેલી દુર-દુર સુધી પાણી ભરવા માટે મહિલાઓએ જવુ પડતુ હતુ. પરંતુ અમે નળથી જળ યોજના થકી ઘરે-ઘરે પાણી પહોંચાડ્યુ છે. તો ઉજ્જ્વલા યોજના થકી આજે મહિલાઓનું જીવ બદલી નાખ્યુ છે. આજે ગુજરાતનો દરિયાકિનારો ધમધમી રહ્યો છે. ગુજરાતના બંદરો ભારતની સમૃદ્ધિનું પ્રવેશદ્વાર બની ગયા છે. તો સાથે જ ખેડૂતો અને સાગરખેડૂઓ માટે અમે યોજના લાવ્યા છીએ. ગુજરાતના માછીમારો હવે દુનિયામાં ડબલ નિકાસ કરી રહ્યા છે. તો વ્યાજખોરોમાંથી પણ અમે માછીમારોને મુક્તિ અપાવી છે.

તો વધુમાં વડાપ્રધાને કહ્યું કે, ગુજરાત પ્રવાસન સ્થળ તરીકે વિકસ્યુ છે. આજે સોમનાથ મંદિર બદલી ગયુ છે. આજે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ આવી રહ્યા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં દુનિયામાં સૌથી વધુ પ્રવાસીઓ આવી રહ્યા છે.

વધુમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દરેક ક્ષેત્રમાં વિકાસ થાય તેની નીતિ અપનાવી. નરેન્દ્ર દિલ્હીથી અને ગાંધીનગરથી ભૂપેન્દ્ર તમારી સેવામાં હાજર છે. આ વખતની ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં મારી પહેલી રેલી છે. વધુમાં વધુ મતોથી ભાજપને જીતાડજો. ઉપરાંત કહ્યું કે, હવે આપણે આઝાદીની શતાબ્દી ઉજવીશુ.

હિંમતનગર વિધાનસભા ના લોકપ્રિય ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિનેન્દ્રસિંહ ઝાલા નો પ્રચાર,સભાઓ, આજે લાલપુર, સુરજપુરા ગાંભોઈ કેશરપુરા સરવાના માથાસુલીયા નવલપુર જવાનગઢ. ઝાલાનગર વગડી ગામે યોજાઈ સભાઓ ખૂબ જ સફર રહી અને ભાજપના ઉમેદવાર ને ખૂબ જ આવકાર મળ્યો કોંગ્રેસ કાર્યકરો ભાજપમાં જોડાયા અને તેમને આવકાર્યા હતા. આ પ્રવાસમાં સાંસદ દીપસિંહ રાઠોડ માજી શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ જેઠાભાઈ પટેલ જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ પટેલ. તાલુકા પંચાયત પ્રમુખ વિનુભાઈ અને નરેન્દ્રભાઈ પટેલ પુંસરી તલોદ શહેર ભાજપ ના ઉપપ્રમુખ જસવંત સિંહ ઝાલા સહિતના કાર્યકરો જોડાયા હતા વી ડી ઝાલાને વ્યાપક પ્રમાણમાં જન સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે

અશોક ગેહલોતના ભાજપ પર પ્રહાર

ભાજપે ૨૭ વર્ષના શાસનમાં માત્ર મોટી-મોટી વાતો જ કરી

કોંગ્રેસ બોલે છે તે કરે છે : આજે ભષ્ટ્રાચાર દેખાય છે બીજેપીની જ્યાં સરકાર છે, ત્યાં ભષ્ટાચાર છે : ગેહલોત

અમદાવાદ, તા.૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ રાજસ્થાનના મુખ્યમંત્રી હાલ ગુજરાત પ્રવાસે છે, ત્યારે વિધાનસભા ચૂંટણી પર ગેહલોતનું નિવેદન સામે આવ્યું છે. વિધાનસભા ચૂંટણી મુદ્દે અશોક ગેહલોતે રણનીતિને લઈ નિવેદન આપતા કોંગ્રેસની જીતનો વિશ્વાસ કર્યો હતો. તેમણે અનેક મુદ્દાઓ પર પણ કોંગ્રેસનું સ્ટેન્ડ ક્લિયર કરતા જવાબ આપ્યો હતો. ભાજપ પર પ્રહાર કરતા ૨૭ વર્ષમાં સરકારે માત્ર મોટી-મોટી વાતો કર્યાનું જણાવ્યું હતું. ઉપરાંત રાહુલ ગાંધીની યાત્રા અને પ્રચાર મુદ્દે પણ નિવેદન આપ્યું હતું.

રાજસ્થાન મુખ્યમંત્રી અશોક ગેહલોતે જણાવ્યું કે, ૨૭ વર્ષમાં ભાજપની સરકાર ચાલી અને મોટી-મોટી વાતો કરી હતી. જેવી વાતો કરી તેવું કશું દેખાતું નથી. જ્યારે કોંગ્રેસ બોલે છે તે કરે છે. આજે ભષ્ટ્રાચાર દેખાય છે. બીજેપીની જ્યાં સરકાર છે, ત્યાં ભષ્ટાચાર છે. ૨૦૧૭માં ભાજપને ૧૫૦નો ટાર્ગેટ આપ્યો હતો, ૯૯એ આવીને રહી ગયા હતા. ૨૦૨૨માં કોંગ્રેસે ૧૨૫નો ટ્રાગેટ આપ્યો છે અને સફળ થશું. રાહુલ ગાંધીની યાત્રા એક મેસેજ આપી રહી છે. આ આઝાદી બાદ મજુબત યાત્રા છે. આ ઉપરાંત અશોક ગેહલોતે મોંઘવારી, બેરોજગારીને મોટી સમસ્યા ગણાવી હતી. તેમણે કહ્યુ કે, મેઘવારી અને બેરોજગારીની સમસ્યા સમાપ્ત થવી જોઈએ. રાજસ્થાન મોડલ વિશે ગેહલોતે વાત કરી હતી. તેમણે કહ્યુ કે, અમે જે વાયદાઓ આપ્યા છે તે રાજસ્થાનમાં કરી બતાવ્યું છે. ગુજરાત અઝાદી પહેલાથી સક્ષમ રાજ્ય રહ્યું છે. ગુજરાતનું માન સન્માન પુરા દેશમાં છે. પુરા દેશવાસી રાષ્ટ્ર ભક્ત છે. દેશપ્રેમની ભાવના, કયાં સંદર્ભમાં વાત કરી છે તે જોવું જોઈએ.

કોંગ્રેસ પાર્ટીમાં ભંગાણ : જામકંડોરણાના તાલુકા પ્રમુખે રાજીનામું આપી દીધું

સુરેન્દ્રસિંહ વાળાએ કોંગ્રેસના તમામ પદોથી રાજીનામું આપી દીધું : સુરેન્દ્રસિંહે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા

જામકંડોરણા, તા.૨૦

કોંગ્રેસમાં ભંગાણ પડવાનો સિલસિલો શરૂ થઈ ગયો હતો જે હજું સુધી અટકયો નથી. જામકંડોરણા તાલુકાના કોંગ્રેસ પ્રમુખ સુરેન્દ્રસિંહ વાળાએ રાજીનામું આપી દીધું છે. સુરેન્દ્રસિંહ વાળાએ કોંગ્રેસના તમામ પદો પરથી રાજીનામું આપી દીધું છે. રાજીનામું આપ્યા બાદ સુરેન્દ્રસિંહે કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ચૂંટણી જાહેર થઈ ગઈ છે. ઉમેદવાર પણ જાહેર થઈ ગયા છે. તેમ છતાં અત્યાર સુધી ઉમેદવારે જામકંડોરણાની મુલાકાત નથી લીધી જેને લઈને કાર્યકર્તાઓમાં પણ ખુબજ રોષ જોવા મળ્યો હતો. અહીં નોંધનીય વાત એ છે કે, ૭૪ જેતપુર જામકંડોરણા વિધાનસભા બેઠક વિસ્તારમાંથી થોડા દિવસ પહેલા જેતપુર તાલુકા પ્રમુખે પણ રાજીનામું આપ્યું હતું. આશંકા વ્યક્ત કવરામાં આવી રહી છે કે, સુરેન્દ્રસિંહ અને કાર્યકર્તાઓ ભાજપમાં જોડાઈ શકે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની લઈને રાજકારણ ગરમાયું છે. જેમાં તોડજોડનું રાજકારણ પણ ગરમાયું છે જેમાં દાહોદની ઝાલોદ વિધાનસભામાં કોંગ્રેસમાં મોટું ગાબડું પડ્યું છે. જેમાં કોંગ્રેસના ઉમેદવાર ન બદલાતા ૨૦૦૦થી વધુ કાર્યકર્તાઓએ રાજીનામું આપ્યું છે. તેમજ કોંગ્રેસ દ્વારા મિતેષ ગરાસિયાને ઉમેદવાર તરીકે જાહેર કરાતા સ્થાનિક કાર્યકરોમાં રોષ જોવા મળ્યો છે. તેમજ રૂપિયા લઈને ટિકિટ આપી હોવાનો કોંગ્રેસના કાર્યકર્તાઓનો નિરીક્ષકો સામે આક્ષેપ કર્યો છે. તેમજ જીલ્લા કોંગ્રેસ પ્રમુખને લેખિતમાં રજૂઆત કરી ચીમકી આપી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨ ટર્મથી ઝાલોદ વિધાનસભા કોંગ્રેસના કબ્જામાં છે. આ ઉપરાંત, ગુજરાત વિધાનસભાની તારીખો જાહેર થઈ ત્યારથી કોંગ્રેસમાં કકળાટ શરૂ થયો છે અને તે અગાઉ પણ કોંગ્રેસમાં બેઠક અને ઉમેદવાર બાબતે અસંતોષ બહાર આવતો રહ્યો છે. વડોદરામાં માંજલપુર બેઠક પર તસવીન સિંઘનું નામ જાહેર કરવામાં આવતા કોંગ્રેસમાં વિવાદનો વંટોળ શરૂ થયો હતો. ઉમેદવારની ભૂમિકા અંગે ખુદ કોંગ્રેસના સિનિયર નેતાઓ અજાણ છે. વિપક્ષ નેતા સુખરામ રાઠવાએ તે સમયે કહ્યુ હતું કે ઉમેદવાર અંગે મને વધારે ખબર નથી. જયારે માંજલપુર બેઠક અંગે મીડિયાએ તીખા સવાલો કરતા શહેર જિલ્લા પ્રભારી પંકજ પટેલ અકળાયા હતા. મીડિયાને કહ્યું આડાઅવળા સવાલો નહીં કરવાના. જોકે પત્રકારોએ વિરોધ નોંધાવતા શહેર પ્રમુખે મીડિયાની માફી માગી હતી.

કેજરીવાલનો હાલોલમાં રોડ શો

અમારી પાસે ચૂંટણી લડવા માટે પૈસા નથી, હું ૭ વર્ષથી દિલ્હીનો મુખ્યમંત્રી છું પરંતુ એક પણ પૈસો હું નથી કમાયોઃ અરવિંદ કેજરીવાલ

હાલોલ, તા.૨૦

આગામી ઐતિહાસિક વિધાનસભાની ચૂંટણીમાં હવે માત્ર થોડા જ દિવસો બાકી રહી ગયા છે અને આમ આદમી પાર્ટી જનતાનાં મુદ્દાને લઈને સતત લોકોની વચ્ચે જઈ રહી છે. આજે ગુજરાતમાં જે પરિવર્તનની હવા વહી રહી છે તેનો સૌથી મોટો શ્રેય આમ આદમી પાર્ટીના કાર્યકર્તા અને ગુજરાતની જાગૃત જનતાને જાય છે. આમ આદમી પાર્ટી અવારનવાર યાત્રા, ડોર ટુ ડોર રજીસ્ટ્રેશન કેમ્પેન, પદયાત્રા અને રોડ શો જેવા કાર્યક્રમોનું આયોજન કરીને જનતાની વચ્ચે જઈ રહી છે. આ કાર્યક્રમોમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓથી લઈને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સુધી તમામ લોકો મહેનત કરી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી અરવિંદ કેજરીવાલ ગુજરાતના વિવિધ શહેરોમાં મોટા-મોટા રોડ શો કરી રહ્યા છે અને આજે પણ અરવિંદ કેજરીવાલે પંચમહાલના હાલોલમાં આયોજિત રોડ શોમાં ભાગ લીધો હતો.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના રોડ શોમાં હજારો લોકોની સંખ્યામાં લોકો ભાગ લઈ રહ્યા છે. ગુજરાતની જનતાને એ ખ્યાલ આવી ગયો છે કે હવે ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ જ ગુજરાતમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે અને આ જ કારણે અરવિંદ કેજરીવાલના દરેક કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં લોકો ભાગ લઈ રહ્યા છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રોડ શોમાં હાજર હજારો લોકોને સંબોધિત કરતા કહ્યું કે, અમને ગુજરાતમાં લોકોનો એટલો પ્રેમ મળી રહ્યો છે તમે લોકોએ મને તમારો ભાઈ માન્યો છે, તમારા પરિવારનો ભાગ માન્યો છે, તો હું તમને સૌને ખાતરી આપું છું કે અમારી સરકાર બનશે તો હું તમારો ભાઈ બનીને તમારા પરિવારની જવાબદારી સંભાળી લઈશ. આજે લોકો મોંઘવારીથી ત્રસ્ત છે. મોંઘવારી એટલી વધી ગઈ છે કે લોકો ગુજરાન નથી ચલાવી શકતા. હું તમારી મોંઘવારી દૂર કરી દઈશ. અમારી સરકાર બન્યા પછી ૧ માર્ચથી તમારું વીજળીનું બિલ હું ભરીશ. તમારું વીજળીનું બિલ ઝીરો આવવા લાગશે. દિલ્હીમાં લોકોને ૨૪ કલાક વીજળી મળે છે, તો પણ બિલ ઝીરો આવે છે. પંજાબમાં પણ અમારી સરકાર છે, ત્યાં પણ ૨૪ કલાક વીજળી મળે છે, તો પણ ત્યાંના લોકોનું બિલ ઝીરો આવે છે. ગુજરાતમાં પણ અમે ૨૪ કલાક અને મફત વીજળી આપીશું.અમારી પાસે ચૂંટણી લડવા માટે પૈસા નથી. હું ૭ વર્ષથી દિલ્હીનો મુખ્યમંત્રી છું પરંતુ એક પણ પૈસો હું નથી કમાયો. એટલા માટે મને તમારો સહકાર જોઈએ છે. આજ સુધી તમે કોઈ મુખ્યમંત્રીને આ રીતે રસ્તા પર પરસેવો પાડતા નહીં જોયા હોય. હું ગુજરાતની ગલી-ગલી, રોડ-રસ્તા પર જઈ રહ્યો છું અને લોકોને મળી રહ્યો છું. તમારે બધાએ એક કામ કરવાનું છે, મારા ગયા પછી તમારું વોટ્સએપ ઓપન કરજો અને જેટલા પણ લોકો તમારા કોન્ટેક્ટ લિસ્ટમાં હોય એમને એક મેસેજ કરજો.

ડભોઈમાં ૫૦૦ આદિવાસી યુવાનો ભાજપમાં જોડાઈ ગયા

ડભોઈમાં કોંગ્રેસને લાગ્યો ઝટકો : ભારતીય જનતા પાર્ટીના નેતા શૈલેષ મહેતા પ્રચારમાં નીકળ્યા ત્યારે તમામ યુવાનોએ ખેસ ધારણ કર્યો હતા

ડભોઈ, તા.૨૦

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨: વિધાનસભા ચૂંટણી પહેલા ડભોઈ કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. ૫૦૦ આદિવાસી યુવકો કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા છે. બીજેપીના નેતા શૈલેષ મહેતા પ્રચારમાં નીકળ્યા ત્યારે આ તમામ યુવાનોએ ખેસ ધારણ કર્યો હતો. ડભોઈ કોંગ્રેસને એક બાદ એક મોટા ઝટકા લાગી રહ્યા છે. ભાજપમાંથી આવેલા બાલકૃષ્ણ પટેલનો વિરોધ આદિવાસીઓમાં પણ દેખાયો છે. સ્થાનિકોને પૂરતી સુવિધાઓ ના મળતા આદિવાસીઓએ શૈલેષ મહેતાના હાથે કેસરિયો ખેસ ધારણ કર્યો હતો.

બનૈયા, થુવાવી, અંબાવના આદિવાસી સમાજના ૫૦૦ યુવકોએ કેસરીયો ધારણ કર્યો હતો. આ અવસરે શૈલેષ મહેતાએ મેઘા પાટકરને લઈને પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે, આદિવાસી સમાજના અગ્રણી ઘણો તો બિરસા મુંડા મહાન હતા. મેઘા પાટકર આદિવાસી સમાજને ઘેર માર્ગે દોરી રહ્યા હોવાની વાત તેમણે કરી. સાસણમાં આદિવાસી સમાજને અને વસાહતોને પાયાની પણ સુવિધા ન મળી રહી હોવાની વાત બીજેપી નેતા શૈલેષ મહેતાએ કરી હતી.

વક્તવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરતા નથી. એ તો ચૂપચાપ એક ખૂણામાં જઈને બેસી જાય છે. રવિવાર જેવી રજાના નિરાંતના દિવસે અજંપો લઈને કશુક કહેવાની, કશુંક સાંભળવાની, કશુંક સમજવાની કોશિશ કરવાની આપણી આ પ્રક્રિયા જ એ વાતની સાબિતી છે કે, આપણું કશુંક ખોવાયું છે. એ પ્રવચનો હોય કે પુસ્તકો હોય, જ્ઞાનનો ઝાંખો પ્રકાશ લઈને કશાકની શોધમાં એ લોકોએ જ નીકળવું પડે છે જેમનું કશુંક ખોવાયું હોય છે. કારણ કે અંધારામાં ફક્ત બે જ પ્રકારના લોકો બેઠેલા હોય છે ; એક તેઓ જેને બધું જડી ગયું હોય છે. અને બીજા તેઓ જેમને ખબર જ નથી હોતી કે એમનું કશુંક ખોવાયું છે. આપણે એ બે અવસ્થાની વચ્ચે આવીએ છીએ એટલે આજે અહીંયા છીએ. 'હું મને શોધું છું' એ વિષય નથી, એક મથામણ છે. અવિરત ચાલતી, છેલ્લા શ્વાસ સુધી ચાલતી મથામણ છે. ફરિયાદ નથી, કબુલાત છે. એવું કોઈ પોલીસ સ્ટેશન નથી જ્યાં આપણે આપણી જાત ખોવાયાની ફરિયાદ નોંધાવી શકીએ.

ગિરનારની ગોદમાં ઉછરેલા કવિ શ્રી રાજેન્દ્ર અનંતરાય શુક્લના સર્જનમાં અને એમના વ્યક્તિત્વમાં જુનાગઢ, ગિરનાર અને નરસિંહ મહેતા સાથેના ભાવાત્મક અનુસંધાનનો નોંધપાત્ર ફાળો છે. ૮૦ વર્ષની વયના કવિ-વિવેચક શ્રી રાજેન્દ્ર શુક્લએ 'હું મને શોધું છું' - વિષય સંદર્ભે બોલતાં કહ્યું હતું કે, હું મને શોધું છું - આ શોધ એ પ્રક્રિયા છે અને પરિણતી પણ છે. શોધ એ પ્રાણીમાત્રની પ્રત્યેક ક્રિયામાં સમાયેલી છે. દરેકને કંઈક શોધવું છે. આજે એવી શોધની આપણે વાત કરવી છે, જે આંતરિક પ્રક્રિયા છે. અંદર ચાલતી પ્રક્રિયા છે. 'હું' ને 'હું' ની શોધ છે. આ 'હું' એ પ્રત્યેક મનુષ્યમાં, પ્રાણીમાત્રમાં છે. આ વિચારણા શબ્દના આશરે થઈ શકે છે. એટલે મને જે મળ્યું છે તે શબ્દ છે. છેલ્લા ૬૦ વર્ષથી હું શબ્દના આધારે મારી શોધની પ્રક્રિયા કરી રહ્યો છું, અને એ પૂરી પણ થશે. વચ્ચે વચ્ચે એવી ઉપલબ્ધિઓ પણ હોય છે. અલપ ઝલપ ક્યારેક 'હું' ને 'હું' મળી જાઉં છું. મારા સામર્થ્ય પ્રમાણે, મારા શબ્દોમાં સંઘરી રાખું છું.

વ્યાખ્યાનમાળાના શુભારંભે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રીકૃષ્ણકાન્તભાઈ જહાએ સ્વાગત ઉદબોધનની સાથે વ્યાખ્યાનમાળાની પ્રસ્તાવના કહી હતી. વ્યાખ્યાનવાળાનું સંચાલન શ્રી હિરેન ભટ્ટે કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના સુપ્રસિદ્ધ સાહિત્યકારો, આગેવાનો અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચર્ચા કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જુનાગઢ, અમરેલી, ભાવનગર, ભરૂચ અને દેવભૂમિ દ્વારકા સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓનો સમાવેશ થાય છે. જ્યારે બીજા તબક્કામાં ૯૩ બેઠકો પર મતદાન કરવામાં આવશે. જેમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના જિલ્લાઓનો સમાવેશ થાય છે.

પાક પેટર્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થોડુક ધીમુ પડ્યુ છે. જિલ્લામાં રવિ સીઝનની પાક પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. રાઈ, ચણા, તમાકુ અને શાકભાજીનો વાવેતર વિસ્તાર વધી રહ્યો છે. આ ઉપરાંત બાગાયતી ખેતી તરફ પણ ખેડૂત થોડુક આકર્ષાયો છે.

જો કે ઠંડીની મોસમ હવે જામી છે અને જે રીતે હવામાન સાનુકૂળ થઈ રહ્યુ છે તે પછી વાવેતર વિસ્તારમાં વધારો થશે. સામાન્યતઃ ડિસેમ્બરની ૧૫મી સુધી ઘઉંનું વાવેતર થતુ હોય છે. બટાટાની ખેતી માટે પણ ખેડૂતો સાનુકૂળ હવામાનની પ્રતીક્ષામાં હોઈ એકાદ સપ્તાહમાં વાવેતર વધશે તેમ જાણકારોનું કહેવુ છે. આ વખતે કઠોળ પાકોનું વાવેતર વધે તેવી સંભાવનાઓ પણ છે.

છટણી કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી અમે સક્ષમ ન થઈએ ત્યાં સુધી અમે વધુ વિસ્તરણ કરવા ઈચ્છતા નથી, એમ તેમણે ઉમેર્યું. આપણે જે કરી રહ્યા છીએ તે આપણો અધિકાર છે. સિસ્કોના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર સ્કોટ હેરેને આ પગલાને "પુનઃસંતુલન" અધિનિયમના ભાગ રૂપે વર્ણવ્યું હતું. આ સપ્તાહે તેના પ્રથમ ત્રિમાસિક કમાણી અહેવાલ (Q1 ૨૦૨૩)માં, સિસ્કોએ $૧૩.૬ બિલિયનની આવક નોંધાવી છે, જે ગયા વર્ષ કરતાં ૬ ટકા વધુ છે.

વિસ્ફોટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસે શરૂઆતી નિવેદનમાં કહ્યું હતું કે ઘટનાની તપાસ કરી રહ્યા છે. જો કે હજુ સુધી આ મામલે કોઈ નક્કર માહિતી આપવામાં આવી નથી. શહેર પોલીસ કમિશનર એન શશિ કુમારે લોકોને અપીલ કરી છે કે તેઓ સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાવવાનું ટાળે. હાલ સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે. આતંકવાદનું આ કનેક્શન ક્યાં સુધી ફેલાયું છે તે તો તપાસ બાદ જ ખબર પડશે.

ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે ધમકી આપનાર વ્યક્તિએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને કુમાર વિશ્વાસથી સારા ગણાવતા તેમના પર ટિપ્પણી ન કરવાની ચેતવણી આપી છે. પ્રવીણ પાન્ડેયે જણાવ્યું કે, વ્યક્તિએ ઈમેલમાં લખ્યું છે- હું શહીદ ઉધમ સિંહના શપથ લઉ છું કે તને મારીશ.